# ચિલોડા ખાતે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરનો વાર્ષિકોત્સવ ઉજવાયો





ચિલોડા, તા. ૧૨
સહજાનંદ સ્કુલ ઓફ એચિવર, ચિલોડામાં વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી હતી. ૭મી માર્ચે આયોજન કર્યું હતું. આ દિવસે સ્કુલના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક, વેસ્ટર્ન, નાટક અને દેશભક્તિના બહુ સુંદર કાર્યક્રમો પ્રસ્તુત કર્યા હતા. સ્કુલના હેલ્પરોએ સ્વચ્છતા અભિયાન ઉપર બહુ સરસ થીમ રજુ કરી હતી.

આ કાર્યક્રમમાં ૨૦૧૯ માં એસએસસીમાં જે વિદ્યાર્થીઓ એ એ-૧ ગ્રેડ મેળવેલ હોય તે વિદ્યાર્થીઓને ઈજ. ૨૫,૦૦૦ નું ઈનામ સ્કુલના ટ્રસ્ટીઓ દ્વારા આપવામાં આવ્યું હતું. અને કેજીથી ધોરણ ૯ માં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

સ્કુલના બાળકોએ ખુબ જ સુંદર કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી. અંતમાં સ્કુલના ટ્રસ્ટીઓએ સ્કુલના વિદ્યાર્થીઓનો અને આયોજન કર્તા સ્ટાફનો આભાર માન્યો હતો.

## કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં વિચરતી જાતિને માટે કાર્યરત મિત્તલ પટેલનું વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર,તા.૧૨
કડી સર્વ વિશ્વવિધાલય દ્વારા



આયોજિત સર્વ નેતૃત્વ તાલીમ શિબિરમાં વિચરતી જાતિ માટે સમગ્ર ગુજરાતમાં નોધપાત્ર કામ કરનાર મિત્તલ પટેલ હાજર રહી વિધાર્થીઓને તેમના જીવનની સંઘર્ષ ગાથાની વાત કરી કરી પ્રેરણા પૂરી પાડી હતી દીકરીઓ માટે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

વિમુક્ત સમુદાય સમર્થન મંચના સ્થાપક, મિત્તલબેન પટેલ કે જેઓ છેલ્લા ૧૪ વર્ષથી વિચરતી જાતિને સમાન હક મળે, તેમણે આધાર, ઓળખ અને રહેવા માટે ઘર મળે તે માટે પ્રયાસ કરાઈ રહ્યો છે જેના પરિણામે લાખો લોકોને લાભ મળી ચૂક્યો છે. સાથે સાથે તેમના અથાક પ્રયાસોથી છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ૫૦થી વધુ ગામોના ૯૧ તળાવો ખોદાવી દુષ્કાળગ્રસ્ત ગામોને મદદરૂપ થવાના પ્રયાસ કરી રહ્યા છે. વધુ વાત કરતાં વિધાર્થીઓને જણાવ્યુ કે એક છોકરી તરીકે



શરૂઆતમાં ગણો સંઘર્ષ કરવો પડ્યો પણ જેમ જેમ કામ કરતાં ગયા તેમ તેમ ઘરના સભ્યો અને લોકોનો કામને સમજતા ગયા ત્યારબાદ સાથ અને સહકાર મળતો ગયો અને આજે ખૂબ મોટા પાયે તેઓ પોતાની ટીમ સાથે આ લોક કલયાનનું કાર્ય કરી રહ્યા છે જેની નોધ લઈ રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને રાસ્ટ્રપતિ રામનાથ કોવિન્દ દ્વારા નારી શક્તિ એવોર્ડ થી સન્માનીત કરવામાં આવ્યા હતા. હાજર યુવાનો મિત્તલબેનને સાંભળી આનદ અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

કડી સર્વ વિશ્વવિધાલય વતી સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ સાહેબ દ્વારા મિત્તલ પટેલના સમાજ ઉત્થાનના કાર્ય બદલ સ્મૃતિ ચિન્હ આપી બિરદાવયા હતા. સમગ્ર કાર્યકરનું આયોજન સર્વ નેતૃત્વના સંયોજક ડો. ધર્મેન્દ્ર પટેલ અને સુરજ મુંજની દ્વારા કરવામાં આવ્યું હતું.

## સમર્પણ પબ્લિક સ્કૂલમાં હોળી પર્વની ઉજવણી કરાઇ




ગાંધીનગર,તા.૧૨
સમર્પણ પબ્લિક સ્કુલમાં હોળીના પર્વની ઉજવણી કરાઇ હતી,જેમાં વિદ્યાર્થીઓ એ શિક્ષકોને તિલક કરીને હોળીના પર્વની ઉજવણી કરી હતી.

જેમા સંસ્થાના આચાર્ય શ્રીમતી નિધિશર્મા, શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ એકબીજાને જે રંગ લગાવી હોળીના પર્વને શાનદાર બનાવી હતી.

## સરસ્વતી વિદ્યાલય ખાતે રંગ પર્વની ભવ્ય ઉજવણી




ગાંધીનગર, તા.૧૨
સેકટર-૬ સ્થિત સરસ્વતી વિદ્યાલયમાં વિભિન્ન તહેવારોને અનુરુપ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું રહે છે. જે અંતર્ગત હોળીના તહેવારને ધ્યાનમાં રાખીને શાળાના વિદ્યાર્થીઓને હોળીના પર્વનું મહત્ત્વ તેમજ કેમિકલ યુક્ત રંગોથી થતા નુકશાન વિશે સમજાવવામાં આવ્યું હતું.

ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ ગુલાલ દ્વારા હોળી રમ્યા હતા. વિદ્યાર્થીઓએ ખૂબ જ હર્ષોલ્લાસપૂર્વક એકબીજાને રંગ લગાવીને તહેવારનો આનંદ માણ્યો હતો.



આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ) દ્વારા ધૂળેટી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શાળા દ્વારા હોળી પ્રગટાવી તેની પૂજા અર્ચના કરવામાં આવી હતી. તેમજ બાળકોએ એકબીજાને હળદર, કંકુ, ગુલાલ લગાવી આ પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.


## મોટી આદરજ ખાતે વિશ્વ મહિલા દિવસ અંતર્ગત મહિલા ખેડૂત શિબીર યોજાઈ




ગાંધીનગર, તા. ૧૨
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા અને વન વિભાગ ગાંધીનગર દ્વારા વિશ્વ મહિલા દિવસ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિતે જીલ્લાના મોટી આદરજ ગામ ખાતે મહિલા ખેડૂત શિબીર યોજાઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ કૃષિ અને સંલગ્ન વ્યવસાય સાથે સંકળાયેલ મહિલાઓ આર્થિક અને સામાજીક રીતે વધુમાં વધુ સશકત બને તેમજ પોતાની રોજગારીમાં વધારો કરી અન્ય લોકોને રોજગારી પૂરી પાડવા સક્ષમ બને તે હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે નાયબ જીલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલ, તલાટી મંત્રી પુષ્પાબેન ડામોર, સરપંચ ગૌરીબેન ઠાકોર તેમજ પ્રગતિશીલ ખેડૂત જેણાજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.. કાર્યક્રમની શરૂઆતમાં વિષય નિષ્ણાંત ભરત હડિયા દ્વારા મહિલાઓની કૃષિ અને પશુપાલન ક્ષેત્રે રહેલી ભૂમિકા તેમજ ગોબરબેંક દ્વારા પશુઓના ગોબર અને મૂત્રનું યોગ્ય વ્યવસ્થાન તેમજ મૂલ્યવર્ધન કરી ગામમાં રોજગારીનું સર્જન કરી શકાય છે તેમજ ગામને સ્વચ્છ પણ બનાવી શકાય છે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. નાયબ જીલ્લા વિકાસ અધિકારી મનીષાબેન પટેલ દ્વારા મહિલાઓને સખી મંડળ યોજના દ્વારા વિવિધ વ્યવસાયલક્ષી તાલીમોમાં ભાગ લેવા જણાવવામાં આવ્યું હતું. રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભગીરથસિંહ સોલંકી એ ઔષધિય વનસ્પતિઓ અને માનવ રોગોમાં તેના વિવિધ ફાયદાઓ તેમજ વન વિભાગની યોજનાઓ વિશે માહિતી આપેલ. વિષય નિષ્ણાત વિનય ગોર દ્વારા ઘન કચરાનું કમ્પોષ્ટ ખાતર દ્વારા યોગ્ય વ્યવસ્થાપન તેમજ સજીવખેતી અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા ખેડૂતોએ ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ...હવે બનશે આવતી કાલનું ગુજરાત વિકાસની દિવાદાંડી : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

આજથી ૨૫ વર્ષ પહેલાંના ગુજરાતની કલ્પના કરીએ તો કેવું ચિત્ર નજરે તરવરે ? વારંવાર અછતના દિવસો, ધોમધકતી ગરમીમાં લાઈટના અભાવે પંખા વીના ગરમીથી ત્રાહિમામ પોકારી જતા ગ્રામજનો, વરસાદના અભાવે મૂરઝાતી ખેતી, સિંચાઈ કે પીવાના પાણીની તીવ્ર સમસ્યા, ગામમાં ટેન્કરથી પાણી આવે એટલે બેડા - પાણી માટે બહેનો - દીકરીઓનો રઝળપાટ. માટલા ફૂટે માથા ફૂટે અને પોલીસ કેસ પણ થાય, જયાં ટેન્કરથી પણ પાણી ન મળતું હોય તેવા અંતરિયાળ વિસ્તારમાં દૂર દૂર કયાંક વાડીના કૂવામાં પાણી માટે ભટકતી બહેનો. ગામડા કે તાલુકા મથકના શહેરી વિસ્તારોમાં આરોગ્યની કયાંય સુવિધા નહીં, એક ગામથી બીજે ગામ પહોંચવા અપૂરતો વાહનવ્યવહાર, રસ્તાઓની પણ બિસ્માર હાલત. શહેરી વિસ્તારોમાં અર્થતંત્રને વેગ આપતા ઉદ્યોગોનો સદંતર અભાવ, આમ, અનેક ક્ષેત્રોમાં ગુજરાતન્ન્ય રાજયો કરતાં કયાંય પાછળ હતું. પરંતુ ગુજરાતના સર્વાંગી વિકાસ પ્રક્રિયાના બીજ રોપાયા વર્ષ ૧૯૯૫ અને ત્યારબાદ ૨૦૦૦-૦૧ થી, જયારે હાલના વડાપ્રધાન અને રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ પ્રક્રિયાના રોપાયેલા બિજનું સીંચન થયું અને તેના જ ફળ સ્વરુપે આજે વિકાસના અવનવા પરિણામો સાથે ગુજરાત રાજય અન્ય માટે રોડે મોડેલ બન્યું છે.

૨૦૧૪માં કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એનડીએએ શાસન સંભાળ્યું. તેના અનેક કારણોમાં મુખ્ય કારણ એ જ હતું કે, નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે ૨૦૦૧ થી ૨૦૧૩ સુધી વિકાસની જે હરણફાળ ભરી તેવો જ વિકાસ સમગ્ર દેશમાં થાય તેવી તીવ્ર ઈચ્છા સમગ્ર દેશના મતદારોની હતી આ ઈચ્છા પૂર્ણ થાય તે માટે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વાં કેન્દ્રમાં સરકાર રચાય તેવા દેશના મતદારોએ મનોમન સંકલ્પ કરી લીધો હતો અને આ જ સંકલ્પની પરિપૂર્તિરુપે વર્ષ ૨૦૧૪ ના મે મહિનામાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં એનડીએની સરકાર સત્તારૂઢ થઈ. વર્ષ ૨૦૧૯માં પણ ફરી એ જ એનડીએ સરકાર વધુ તાકાત, સૌના સાથ સૌના વિકાસ અને સૌના વિશ્વાસના સૂત્ર સાથે સત્તારૂઢ થઈ.

ગામડાઓમાં શિક્ષણનું સ્તર સુધરે અને ખાસ કરીને કન્યા કેળવણીને ઉત્તેજન મળે તે માટે શાળાપ્રવેશોત્સવના કારણે ડ્રોપ આઉટ રેશિયામાં ધરખમ ઘટાડો થયો.

સમગ્ર વિશ્વ માટે આકર્ષણ રુપ એવી વિશ્વની સૌથી મોટી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા ખાતે નિર્માણ થતા. ગુજરાતના ઈજનેરી કૌશલ્યની પ્રતિતિ સમગ્ર વિશ્વને થઈ. સ્ટેચ્યુ ઓફ યુનિટી એ સમગ્ર વિશ્વ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

ગુજરાતે છેલ્લા ૨૫ વર્ષમાં કૃષિ ક્ષેત્રે જે સિદ્ધિઓ હાંસલ કરી તે અન્ય રાજયો માટે પ્રેરણારુપ છે. તેના યશાધિકારી પણ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમના અનુગામીઓ શ્રીમતી આનંદીબેન પટેલ અને હવે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી છે. એક સમયે કપાસના ઉત્પાદનાં ગુજરાતનું કયાંય સ્થાન નહોતું તેના બદલે હવે કપાસના ઉત્પાદનમાં પણ ગુજરાતનું સ્થાન મોખરાનું છે. ગુજરાતના કપાસની ૭ જેટલા રાષ્ટ્રોમાં આજે પણ માંગ છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ છેલ્લા ૩ વર્ષમાં આવતીકાલનું ગુજરાત સમૃદ્ધ બને તે દિશામાં નરેન્દ્રભાઈ મોદી અને શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં અગાઉ જે કાર્ય થયેલા તેને આગળ વધારતા કેટલાક દૂરોગામી પરિણામો આપે તેવા મહત્ત્વના નિર્ણયો લીધા છે. જળસંચય ક્ષેત્રે સુજલામ સુફલામ યોજના અંતર્ગત ગામતળાવો ઊંડા કરીને લાખો ઘનફુટ વરસાદી પાણી ગત વર્ષમાં સંગ્રહ થયા છે તેના પરિણામે ભૂગર્ભ જળસપાટી પણ ઊંચી આવી છે. કુદરતી ઉર્જાના ઉપયોગ દ્વારા પર્યાવરણની જાળવણીના હેતુ સાથે સોલાર પ્રોજેકટનો પણ ખૂબ વિકાસ થયો છે. ખાસ કરીને ગામડામાં રહેતી જનતાના પ્રશ્નો તાલુકા મથકે ઉકેલાઈ જાય તે માટે સેવાસેતુ કાર્યક્રમનો પ્રયોગ ખૂબ જ સફળ રહ્યો છે. ખેડૂતો માટે પાક સંરક્ષણ માટે વાડની યોજના પણ મેક મહત્ત્વનું પગલું છે.

આમ, તમામ ક્ષેત્રોમાં ગુજરાતે વિકાસની જે હરણફાળ ભરી છે તે ધ્યાનમાં લેતા આવતીકાલનું ગુજરાત ખૂબ જ સમૃદ્ધ ભાષે છે. આવતીકાલના ગુજરાતમાં શિક્ષણના વિકાસની પરાકાષ્ઠા હશે, જળસંશાધનના વિકાસની પરાકાષ્ઠા હશે, આંતરમાળખાકીય સુવિધાઓના વિકાસની પરાકાષ્ઠા હશે, ઔદ્યોગિક વિકાસની પરાકાષ્ઠા હશે. કૃષિ વિકાસની પરાકાષ્ઠા હશે. આરોગ્ય ક્ષેત્રે પણ વિકાસની પરાકાષ્ઠા હશે. તમામ ક્ષેત્રોમાં આવરી લેતા માનવસંસાધન વિકાસની પણ પરકાષ્ઠા હશે.

કારણ આ તમામ ક્ષેત્રોમાં નોંધપાત્ર ગતિએ કામ આગળ વધી રહ્યું છે અને તેના ફળ આગામી દિવસોમાં મળતા ગુજરાત સાચા અર્થમાં અન્ય રાજયો માટે વિકાસની દિવાદાંડી બની રહેશે તે નિશ્ચિત છે.

**ડાયરેક્ટ ❤ સે**

સ્મિત કરતો ચહેરો
તમારી શાન વધારે છે
પરંતુ
સ્મિત સાથે કરેલું કાર્ય
તમારી ઓળખ વધારે છે.

## જન્મદિને વધામણી



કલ્પેશ જી સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦



પીનાક એ પટેલ
મો. ૯૯૨૪૩ ૫૪૫૮૪



કૌશિક મુળજીભાઈ પરમાર
મો. ૯૩૨૭૦ ૧૪૫૦૫



દિવ્ય અનિલભાઈ નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫



દક્ષરાજસિંહ ઝાલા
મો. ૯૯૨૫૨ ૬૨૭૦૦

## ઉદ્‌ગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નગરના વિદૂષિ પ્રો. ડો. યોગિની વ્યાસનું સમ્માન




ગાંધીનગર, તા. ૧૨
'ઉષા પર્વ' અંતર્ગત અગિયારમાં ઉદ્‌ગમ વુમન્સ એચિવર એવોર્ડ અન્વયે સમગ્ર ભારતમાંથી નોમિનેશન મંગાવવામાં આવ્યા હતા, અને તેમાંથી શિક્ષણ ક્ષેત્રે નગરના સંસ્કૃત જગતનું પ્રખ્યાત વ્યક્તિત્વ એવા પ્રા. ડૉ. યોગિની હિમાંશુ વ્યાસનું સમ્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બ્રિટીશ ડેપ્યુટી હાઈ કમિશનર પીટર કુક, હાર્ટ ફાઉન્ડેશનના ચેરમેન ડૉ. નીતિન સુમંત શાહ ઉદ્‌ગમના ટ્રસ્ટી ધ્રુવભાઈ જોશી અને વુમનવિંગના મેન્ટર આશાબેન સરવૈયા ઉપસ્થિત રહ્યા હતા.